आज़ादी का अमृत महोत्सव

શ્રમ આયુકતની કચેરી,
ગુજરાત રાજય,
બ્લોકનં-૧૧,૧૨,૧૪, બીજો માળ.
સેકટર-૧૧, ઉધોગભવન, ગાંધીનગર
ફોન નં. 079-23257538
Fax- 07923257513
Web-www.col.gujarat.gov.in

ચૂંટણી પંચ/ સમય-મર્યાદાઃ

ક્રમાંકઃશ્ર.આ.૭(૪)/ઈએલસી/૨૦૨૨/1349
તા. 15/11/2022

વંચાણે લીધોઃ- નાયબ સચિવશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજયનાં પત્રક્રમાંકઃ ઈએલસી/૧૦૨૨/૨૫૪/છ, તા. ૦૯/૧૧/૨૦૨૨.

# પરિપત્ર

નાયબ સચિવશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી ગુજરાત રાજય, ગાંધીનગરનાં ઉપર્યુકત વંચાણે લીધેલ પત્ર મુજબ ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨, ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા બે તબક્કામાં અનુક્રમે તા. ૦૧/૧૨/૨૦૨૨, ગુરૂવાર અને તા. ૦૫/૧૨/૨૦૨૨, સોમવારના રોજ યોજાનાર છે.

વટાઉખત અધિનિયમ-૧૮૮૧ની જોગવાઈ લાગુ પડતી ન હોય તેવી દુકાનો અને સંસ્થાઓ માટે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧માં, સને ૧૯૯૬ના લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫-બી ની જોગવાઈઓ અનુસાર કામદારોને મતદાન કરવા જવા માટે સવેતન છૂટ આપવાના હુકમો કરવાના રહે છે.

આથી રાજયમાં તા. ૦૧/૧૨/૨૦૨૨, ગુરૂવાર અને તા. ૦૫/૧૨/૨૦૨૨, સોમવારના રોજ યોજાનાર ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ-૨૦૧૯ હેઠળ,

(૧) મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યકિત કોઇપણ દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતા હોય તેમને મતદાનના દિવસે સવેતન રજા આપવી.

(૨) ઉપર ક્રમ-(૧)માં જણાવેલ કોઇપણ વ્યકિતના વેતનમાંથી કોઇ કપાત કે સુધારો કરવાનો રહેશે નહીં અને જો આવી વ્યકિત સામાન્ય રીતે વેતન નહીં મેળવે તેવા આધારે નોકરી ઉપર રાખવામાં આવેલ હોય છતાં પણ તેવી વ્યકિતને રજા આપવામાં આવી ન હોત અને તે દિવસે તેને જે વેતન મેળવવાપાત્ર હોય તેટલું વેતન મંજૂર કરવાનું રહેશે.

(3) જો કોઇ નોકરી ઉપર રાખનાર વ્યકિત ઉપર ક્રમ (૧) અથવા (૨)માં જણાવેલ જોગવાઇઓનું ઉલ્લંઘન કરશે તો આવા નોકરીદાતા લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૩૫-બીની જોગવાઇ મુજબ ૫૦૦/- રૂા સુધીના દંડના પાત્ર રહેશે.

(૪) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બી એવા કોઇપણ મતદારોને લાગુ નહીં પડે કે તે જ્યાં નોકરી કરે છે ત્યાં તેની ગેરહાજરીને કારણે ભયજનક પરિસ્થિત ઉભી થાય તેમ હોય અથવા તેની ગેરહાજરી વ્યાપક નુકશાનમાં પરિણામે તેમ હોય.

(P.T.O)

(૫) ભારત નિર્વાચન આયોગના તારીખ.૦૭/૧૧/૨૦૨૨ના પત્રના પારા નં.3 મુજબ ઉપરોકત જોગવાઇ અનુસાર તમામ સંસ્થાઓ અને દુકાનો કે જ્યાં સામાન્ય ચૂંટણી યોજનાર છે તેવા મતવિભાગમાં મતદાનના દિવસે સવેતન રજા આપવાની રહેશે. નોંધાયેલ મતદાર જે મત વિભાગમાં વસવાટ કરતો હોય પરંતુ જયાં સામાન્ય કે પેટા ચૂંટણી હોય તેવા મત વિભાગની બહારના વિસ્તારમાં આવેલ ઔધોગિક દુકાનો કે સંસ્થામાં નોકરી કરતો હોય તેવા મતદારો લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બી(૧) અન્વયે સવેતન રજાનો હકકદાર રહેશે.

(૬) ભારત નિર્વાચન આયોગના સંદર્ભ હેઠળના તા.૦૭/૧૧/૨૦૨૨ના પારા-૪ અનુસાર લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બીની જોગવાઇ અનુસાર રોજમદાર/ કેજ્યુઅલ કામદારો પણ મતદાનના દિવસે રજા અને વેતનના હકકદાર છે.

Lalit Singh

શ્રમ આયુક્ત,

ગુજરાત રાજય, ગાંધીનગર.

બિડાણઃઉપર મુજબ

ક્રમાંકઃ શ્ર.આ.૭(૪)/ઈએલસી/૨૦૨૨/ 1350 to 1362 તારીખઃ- 15/11/2022

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

(૧) નાયબ સચિવશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી,ગુજરાત રાજય,બ્લોક નં. ૭,બીજો માળ, સચિવાલય,ગાંધીનગર. તા.૦૯/૧૧/૨૦૨૨ના પત્રક્રમાંકઃઈએલસી/૧૦૨૨/૨૫૪/છ, સંદર્ભે જાણ સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર,જાણ સારૂ.

(3) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી, (પ્રોટોકોલ) સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૫) નાયબ સચિવશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,ગાંધીનગર.જાણ સારૂ.

(૬) સેકશન અધિકારીશ્રી,મ-3, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,ગાંધીનગર.જાણ સારૂ.

(૭) અધિક શ્રમ આયુકતશ્રી,શ્રમ આયુકતની કચેરી,ગાંધીનગર.

(૮) નાયબ શ્રમ આયુકતશ્રી,અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ તાબાની લાગુ પડતી કચેરીઓને જાણ કરવા સારૂ તથા અમલ કરાવવા સારૂ.

(૯) નિયામકશ્રી માહિતી અને પ્રસારણની કચેરી,બ્લોક નં. ૧૯, જુના સચિવાલય,ગાંધીનગર તરફ આ સાથે સામેલ પ્રેસનોટ સમય-મર્યાદામાં પ્રસિધ્ધ કરવા સારૂ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૧૦) સિલેકટ ફાઇલ.

# પ્રેસનોટ

## શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવા સુચના

રાજયના શ્રમ આયુકતશ્રી એક યાદીમાં જણાવે છે કે, ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨, ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા બે તબક્કામાં અનુક્રમે તા. ૦૧/૧૨/૨૦૨૨, ગુરૂવાર અને તા. ૦૫/૧૨/૨૦૨૨, સોમવારના રોજ યોજનાર છે. ત્યારે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ-૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખાસ રજા મંજુર કરવાની રહેશે. કર્મચારીના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં. આ જોગવાઈ અનુસાર રોજમદાર/કેજ્યુઅલ કામદારો પણ મતદાનના દિવસે રજા અને વેતનના હકદાર રહેશે. જે કોઇ માલિક જોગવાઇ વિરૂધ્ધનું વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે.

ELECTION IMMEDIATE


Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319


# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE


General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.


**ક્રમાંક: ઇએલસી/૧૦૨૨/૨૫૪/છ** **તા.૦૯/૧૧/૨૦૨૨**

**પ્રતિ,**

**(૧) અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.),**
**સામાન્ય વહીવટ વિભાગ,**
**સચિવાલય, ગાંધીનગર.**

**(૨) અગ્ર સચિવશ્રી,**
**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,**
**સચિવાલય, ગાંધીનગર.**

**વિષય:** ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨.
– મતદાનના દિવસે રજા જાહેર કરવા /કામદારોને સવેતન રજા આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે,ભારતના ચૂંટણીપંચ, નવી દિલ્હી દ્વારા ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨, બે તબક્કામાં અનુક્રમે તા.૦૧/૧૨/૨૦૨૨, ગુરુવાર અને તા.૦૫/૧૨/૨૦૨૨, સોમવારના રોજ જે-તે મતવિભાગમાં યોજાનાર છે.

૨. ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હીના તા.૦૭/૧૧/૨૦૨૨ ના પત્રક્રમાંક:78/EPS/2022 થી આપવામાં આવેલ સૂચનાનુસાર મતદાનના દિવસે જાહેર રજા કે રવિવારનો દિવસ ન હોય તો મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદાનના દિવસે સને ૧૮૮૧ના વટાઉખત અધિનિયમ હેઠળ, ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે ઉક્ત તબક્કાવાર યોજાનાર સામાન્ય ચૂંટણી અનુસંધાને આ સાથે સામેલ યાદી મુજબ સંબંધિત વિધાનસભા મત ક્ષેત્રમાં સરકારશ્રી દ્વારા "જાહેર રજા" જાહેર કરવાની રહે છે.

૩. જ્યાં વટાઉખત અધિનિયમ-૧૮૮૧ની જોગવાઈઓ લાગુ પડતી ન હોય તેવી દુકાનો અને સંસ્થાઓ માટે મુંબઈ દુકાનો અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ તેમજ કારખાના અધિનિયમ, ૧૯૪૮ના હેઠળ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧માં સને ૧૯૯૬ના લોક પ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫-બીની જોગવાઈઓ અનુસાર રજા જાહેર કરવા અંગેના હુકમો કરવાના રહે છે આથી તા.૦૧/૧૨/૨૦૨૨, ગુરુવાર અને તા.૦૫/૧૨/૨૦૨૨, સોમવારના રોજ સંબંધિત મતવિભાગોમાં ઉક્ત જોગવાઈઓ અનુસાર રજા જાહેર કરવાની રહે છે. તદનુસાર-

(૧) ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ દરમિયાન બન્ને તબક્કામાં જે-તે મતવિભાગમાં સમાવિષ્ટ તમામ વિસ્તારોમાં અનુક્રમે તા.૦૧/૧૨/૨૦૨૨, ગુરુવાર અને તા.૦૫/૧૨/૨૦૨૨, સોમવારના રોજ ૧૯૪૮ના મુંબઈ દુકાનો અને સંસ્થા અધિનિયમ, તેમજ ૧૯૪૮ના કારખાના અધિનિયમ હેઠળ રજા જાહેર કરવાની રહે છે.

(૨) લોકસભા કે રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓમાં મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યક્તિ કોઈપણ વ્યાપાર, ધંધા, ઔદ્યોગિક એકમ અથવા અન્ય કોઈપણ સંસ્થામાં નોકરી કરતા હોય તેમને મતદાનના દિવસે રજા મંજૂર કરવી.

(૩) પેટા કલમ(૧)ની જોગવાઈ અન્વયે રજા મંજૂર કરવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યક્તિના વેતનમાંથી કોઈ કપાત કે સુધારો કરવાનો રહેશે નહીં, અને જો આવી વ્યક્તિ સામાન્ય રીતે રજાના દિવસે વેતન નહી મેળવે તેવા આધારે નોકરી ઉપર રાખવામાં આવેલ હોય તેવી વ્યક્તિને પણ રજા ન હોત અને તે દિવસે તેને જે વેતન મેળવવાપાત્ર હોય તેટલું વેતન મંજૂર કરવાનું રહેશે.

(૪) જો કોઈ નોકરીદાતા પેટા કલમ-૧ અથવા પેટા કલમ-૨ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે તો આવા નોકરીદાતા પાંચસો રૂપિયા સુધીના દંડને પાત્ર રહેશે.

(૫) આ કલમ એવા કોઈપણ મતદારને લાગુ નહીં પડે કે તે જ્યાં નોકરી સાથે સંકળાયેલ છે ત્યાં તેની ગેરહાજરી ભય કે વ્યાપક નુકશાનમાં પરિણમે.

(૬) ચૂંટણી પંચના તા.૦૭/૧૧/૨૦૨૨ના પત્રના પારા નં.૩ મુજબ નોંધાયેલ મતદાર જે મત વિભાગમાં વસવાટ કરતો હોય પરંતુ જ્યાં સામાન્ય કે પેટા ચૂંટણી હોય તેવા મતવિભાગની બહારના વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક એકમ કે સંસ્થામાં નોકરી કરતો હોય તો પણ તેવા મતદાર લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બી(૧) અન્વયે સવેતન રજાનો હકદાર રહેશે.

(૭) ચૂંટણી પંચના સંદર્ભ હેઠળના તા.૦૭/૧૧/૨૦૨૨ના પારા-૪ અનુસાર લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બીની જોગવાઈ અનુસાર રોજમદાર / કેજ્યુઅલ કામદારો પણ મતદાનના દિવસે રજા અને વેતનના હક્કદાર છે.

ચૂંટણી પંચની ઉપરોક્ત સૂચના અનુસાર આ અંગે જરૂરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરીને આ વિભાગની જાણ હેઠળ જરૂરી હુકમો કરવા તથા તેની નકલ અત્રે તા.૧૬/૧૧/૨૦૨૨ ના રોજ મળી જાય તે રીતે રૂબરૂ મોકલી આપવા વિનંતી છે. જાહેરનામું કે પરિપત્ર રવાના કરવામાં આવે ત્યારે તેમાં રજા જાહેર કરવામાં આવે છે તેમ સ્પષ્ટપણે જણાવવાનું રહેશે. આ દિવસે સંપૂર્ણ રજા જાહેર કરવાની રહે છે, અવેજીમાં રજા જાહેર કરવી નહી તેની ખાસ કાળજી રાખવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

**( નીતિન આચાર્ય )**
નાયબ સચિવ
મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી,
ગુજરાત

બિડાણ: ઉપર મુજબ.
નકલ રવાના:

- સર્વે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓ,
- સર્વે વિધાનસભા મત વિસ્તારના ચૂંટણી અધિકારીશ્રીઓ
- શ્રમ કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૧, ૧૨ અને ૧૪, બીજો માળ, સેક્ટર-૧૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- શાખા પસંદગી ફાઈલ.

3 ~~81~~ 2

# भारत निर्वाचन आयोग

# ELECTION COMMISSION OF INDIA

TEL: 011-23052246
Fax 011-23052001
Website: www.eci.gov.in

निर्वाचन सदन,
अशोक रोड, नई दिल्ली–110001.
Nirvachan Sadan,
Ashoka Road, New Delhi-110001.

78/EPS/2022

Dated: 7th November, 2022

To

1. The Secretary to the Govt. of India, M/o Personnel Public Grievances & Pensions, Department of Personnel and Training North Block, New Delhi.

2. The Chief Secretary of Gujarat.

3. The Chief Electoral Officer of Gujarat.

**Subject:** **General Election to the Legislative Assembly of Gujarat, 2022 – Grant of paid holiday to employees on the day of poll –Reg.**

Madam/Sir,

I am directed to refer to the subject cited and to inform that the Commission has announced General Election to the Legislative Assembly of Gujarat, 2022 vide it's Press Note dated 3rd November, 2022, which is available at Commission's website https://eci.gov.in under head 'Press Releases' at URL https://eci.gov.in/files/file/14534-general-election-to-legislative-assembly-of-gujarat-2022-reg/

2. In this regard, your attention is invited to Section 135B of the Representation of the People Act, 1951 which provides for the grant of paid holiday to the employees on the day of poll. The Section 135B is reproduced below:-

"**135B. Grant of paid holiday to employees on the day of poll.**

(i) Every person employed in any business, trade, industrial undertaking or any other establishment and entitled to vote at election to the House of the People or the Legislative Assembly of a State shall, on the day of poll, be granted a holiday.

(ii) No deduction or abatement of the wages of any such person shall be made on account of a holiday having been granted in accordance with sub-section (i) and

EEI - 254/2
9/11/22

if such person is employed on the basis that he would not ordinarily receive wages for such a day, he shall nonetheless be paid for such day the wages he would have drawn had not a holiday been granted to him on that day.

(iii) If an employer contravenes the provisions of sub-section (1) or sub-section (2), then such employer shall be punishable with fine, which may extend to five hundred rupees.

(iv) This section shall not apply to any elector whose absence may cause danger or substantial loss in respect of the employment in which he is engaged."

3. The above provisions require that all the electors who are employees of establishments and shops including those which work on shift basis shall be granted a paid holiday on the day of poll in the Constituency where the general election is to be held. Further, there may be cases where a person is ordinarily resident of the Constituency and registered as an elector, may be serving/employed in an industrial undertaking or an establishment located outside the Constituency having a bye-election. It is clarified that in such a situation, even those electors including casual workers working outside the constituency concerned would be entitled to the benefit of a paid holiday extended under the Section 135B(1) of the Representation of the People Act, 1951.

4. The daily wage/casual workers are also entitled for a holiday and wages on poll day as provided in Section 135B of the R.P. Act, 1951.

5. The Commission desires that suitable instructions should be issued to all concerned and a copy thereof be endorsed to the Commission for its information and record.

6. The receipt of this letter may please be acknowledged.

Yours faithfully

**(Sanjeev Kumar Prasad)**
**Secretary**

Copy to concerned Zonal Section

| Sr. No. | PHASE I<br>Date : 01-12-2022 | | PHASE II<br>Date : 05-12-2022 | |
|---|---|---|---|---|
| | **District** | **AC** | **District** | **AC** |
| 1 | Kachchh | 6 | Banaskantha | 9 |
| 2 | Surendranagar | 5 | Patan | 4 |
| 3 | Morbi | 3 | Mahesana | 7 |
| 4 | Rajkot | 8 | Sabarkantha | 4 |
| 5 | Jamnagar | 5 | Arvalli | 3 |
| 6 | Devbhoomi Dwarka | 2 | Gandhinagar | 5 |
| 7 | Porbandar | 2 | Ahmedabad | 21 |
| 8 | Junagadh | 5 | Anand | 7 |
| 9 | Gir Somnath | 4 | Kheda | 6 |
| 10 | Amreli | 5 | Mahisagar | 3 |
| 11 | Bhavnagar | 7 | Panchmahal | 5 |
| 12 | Botad | 2 | Dahod | 6 |
| 13 | Narmada | 2 | Vadodara | 10 |
| 14 | Bharuch | 5 | Chhota Udepur | 3 |
| 15 | Surat | 16 | | |
| 16 | Tapi | 2 | | |
| 17 | Dangs | 1 | | |
| 18 | Navsari | 4 | | |
| 19 | Valsad | 5 | | |
| **Total...** | | **89** | **Total...** | **93** |